# સમાચાર
## સંપુટ

# ડીસીએમ શ્રીરામનો નફો છ ગણો વધીને રૂ.૨૯૩ કરોડ

ડીસીએમ શ્રીરામ લિમિટેડનો ચોખ્ખો નફો પાછલા નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ચોથા ત્રિમાસિક ગાળામાં છ ગણો ઉછળીને રૂપિયા ૨૯૩ કરોડ થયો છે. કેમિકલ, ખાંડ, ખાતર અને બિયારણોનો બિઝનેસ ધરાવતી આ કંપનીએ પાછલા નાણાંકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ.૫૧ કરોડનો ચોખ્ખો નફો હાંસલ કર્યો હતો, તેમ ડીસીએમ શ્રીરામે એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન કંપનીની કામગીરીમાંથી ચોખ્ખી આવક ૨૧ ટકા વધીને રૂપિયા ૧,૫૬૬ કરોડથી રૂપિયા ૧,૮૮૮ કરોડ થઇ છે. ૨૦૧૮-૧૯ દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો ૩૫ ટકા વધીને રૂપિયા ૬૭૦ કરોડથી રૂપિયા ૯૦૬ કરોડ થયો છે. આ સમયગાળામાં કંપનીની ચોખ્ખી આવક ૧૩ ટકા વધીને રૂપિયા ૬,૯૦૦ કરોડથી રૂપિયા ૭,૭૭૧ કરોડ થઇ છે. કંપનીનું ચોખ્ખું દેવું રૂપિયા ૬૫૩ કરોડથી વધીને રૂપિયા ૧,૨૬૫ કરોડ થયું છે.